ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

ધોરણ – 10

સામાજિક વિજ્ઞાન – 10 (G)

પ્રથમ સત્ર પ્રશ્નબેંક – 2026

સમાવિષ્ટ પ્રકરણો (ઓક્ટોબર 2026 સુધી)

1, 2, 3, 4,5 – ઇતિહાસ

8, 9, 10,11,12 – ભૂગોળ

15, 16, 17 – અર્થશાસ્ત્ર

નોંધ

- આ પ્રશ્નબેંક પ્રથમ કસોટી સુધીની તૈયાર કરવામાં આવી છે.
- આ પ્રશ્ન બેંકમાં પ્રથમ કસોટી સુધીના અભ્યાસક્રમને આવરી લેવામાં આવ્યો છે.
- દરેક અધ્યયન નિષ્પત્તિના નક્કી કરેલા ગુણ પ્રમાણે જરૂરી પ્રશ્નો પસંદ કરવાના રહેશે.

વિભાગ – A

[S1041] વિવિધ કલાઓ વિશે જાણશે અને ભારતની સાંસ્કૃતિક વિવિધતાઓની પ્રશંસા કરશે.

❖ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો.**

યોગ્ય જોડકાં જોડો

કૉલમ-A	કૉલમ-B
1. સાંસ્કૃતિક વારસો	(A) વારસાનું જતન
2. ગુજરાતના મેળાઓ	(B) પરંપરા અને સંસ્કૃતિ
3. વારસાનું સંરક્ષણ	(C) લોકજીવન
4. ભારતનો વારસો	(D) ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંપત્તિ

કૉલમ-A	કૉલમ-B
1. માટીકલા	(A) કાપડ પર ભરતકામ
2. વણાટકલા	(B) માટીમાંથી વસ્તુ બનાવવી
3. ભરતગૂંથણ-	(C) ધાતુ પર રંગીન કામ
4. મીનાકારી	(D) દોરાથી કાપડ બનાવવું

કૉલમ-A	કૉલમ-B
1. શિલ્પકલા	(A) ઇમારતોની રચના
2. સ્થાપત્ય	(B) પથ્થર વગેરેમાંથી આકાર આપવાની કલા
3. મંદિર	(C) ધાર્મિક સ્થાપત્ય
4. સ્મારક	(D) ઐતિહાસિક મહત્વ ધરાવતી રચના

કૉલમ-A	કૉલમ-B
1. વેદ	(A) પ્રાચીન ભારતીય સાહિત્ય
2. રામાયણ	(B) મહાકાવ્ય
3. મહાભારત	(C) મહાકાવ્ય
4. ઉપનિષદ	(D) જ્ઞાન અને તત્ત્વચિંતન

કૉલમ-A	કૉલમ-B
1. ગણિત	(A) ધાતુઓનું જ્ઞાન
2. ખગોળશાસ્ત્ર	(B) સંખ્યાઓ અને ગણતરી
3. ધાતુવિદ્યા	(C) આકાશી પદાર્થોનો અભ્યાસ
4. આયુર્વેદ	(D) પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ

કૉલમ-A	કૉલમ-B
1. જમીન	(A) કુદરતી સંસાધન
2.જમીનધોવાણ	(B) જમીનની ઉપરની સપાટીનું ધોવાણ
3.પાણીનુંધોવાણ	(C) પાણી દ્વારા જમીનનું ધોવાણ
4. પવનનું ધોવાણ	(D) પવન દ્વારા જમીનનું ધોવાણ

	કૉલમ-A	કૉલમ-B

	કૉલમ-A	કૉલમ-B
1	વનનિર્વનીકરણ	A. જંગલોનો ઘટાડો
2	વન સંરક્ષણ	B. જંગલોનું રક્ષણ
3	વન્યજીવન	C. જંગલમાં રહેતા પ્રાણીઓ
4	અભયારણ્ય	D. વન્યજીવોનું સંરક્ષિત સ્થળ

ક્રમ	કૉલમ-A	કૉલમ-B
1	ખરીફ પાક	A. ચોમાસાની ઋતુનો પાક
2	રવિ પાક	B. શિયાળાની ઋતુનો પાક
3	રોકડિયો પાક	C. બજારમાં વેચાણ માટેનો પાક
4	હરિયાળી ક્રાંતિ	D. કૃષિ ઉત્પાદનમાં વધારો

ક્રમ	કૉલમ-A	કૉલમ-B
1	નદી	A. જળ સંસાધન
2	સિંચાઈ	B. ખેતી માટે પાણી પહોંચાડવું
3	જળ સંકટ	C. પાણીની અછત
4	વરસાદી જળસંગ્રહ	D. વરસાદી પાણીનો સંગ્રહ

ક્રમ	કૉલમ-A	કૉલમ-B

ક્રમ	કૉલમ-A	કૉલમ-B
1	કોલસો	A. પરંપરાગત ઊર્જા સ્ત્રોત
2	સૌર ઊર્જા	B. બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોત
3	પવન ઊર્જા	C. પવનમાંથી મળતી ઊર્જા
4	ખનીજ સંરક્ષણ	D. ખનીજનો વિવેકપૂર્ણ ઉપયોગ

ક્રમ	કૉલમ-A	કૉલમ-B
1	આર્થિક વિકાસ	A. જીવનધોરણમાં સુધારો
2	આર્થિક પ્રવૃત્તિ	B. આવક મેળવવાની પ્રવૃત્તિ
3	માનવ વિકાસ	C. શિક્ષણ અને આરોગ્યમાં સુધારો
4	વાર્ષિક આવક	D. એક વર્ષ દરમિયાન મળતી આવક

ક્રમ	કૉલમ-A	કૉલમ-B
1	ઉદારીકરણ	A. આર્થિક નિયંત્રણોમાં ઘટાડો
2	વૈશ્વિકીકરણ	B. દેશોની અર્થવ્યવસ્થાઓનું જોડાણ
3	ખાનગીકરણ	C. ખાનગી ક્ષેત્રની ભૂમિકામાં વધારો
4	વૈશ્વિક બજાર	D. આંતરરાષ્ટ્રીય સ્તરે વેપાર

ક્રમ	કૉલમ-A	કૉલમ-B
1	ગરીબી	A. મૂળભૂત જરૂરિયાતો પૂરી ન કરી શકવાની સ્થિતિ
2	ગરીબીનું માપન	B. ગરીબીનું પ્રમાણ જાણવા માટેની પ્રક્રિયા
3	બેરોજગારી	C. કામ કરવાની ક્ષમતા છતાં કામ ન મળવું
4	બેરોજગારીના પ્રકારો	D. બેરોજગારીના વિવિધ સ્વરૂપો

➢ કૌંસ માંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો

1. ભારતનો સાંસ્કૃતિક વારસો તેની _____ દર્શાવે છે. (A) વિવિધતા (B) બેરોજગારી (C) વસ્તી
2. પેઢી દર પેઢી મળતી સાંસ્કૃતિક સંપત્તિને _____ કહેવામાં આવે છે.(A) વારસો (B) ઉત્પાદન (C) વેપાર
3. ઐતિહાસિક સ્મારકો આપણા _____ વારસાના ભાગ છે. (A) સાંસ્કૃતિક (B) ઔદ્યોગિક (C) આર્થિક
4. લોકનૃત્ય અને લોકસંગીત _____ વારસાનો ભાગ છે. (A) સાંસ્કૃતિક (B) કુદરતી (C) આર્થિક
5. વારસાનું જતન કરવું આપણી _____ છે. (A) જવાબદારી (B) મુશ્કેલી (C) જરૂરિયાત
6. હાથ વડે બનાવવામાં આવતી વસ્તુઓની કળાને _____ કહે છે. (A) હસ્તકલા (B) યંત્રકલા (C) ઉદ્યોગકલા
7. માટીમાંથી વિવિધ વસ્તુઓ બનાવવાની કળાને _____ કહે છે. (A) માટીકલા (B) વણાટકલા (C) ચિત્રકલા
8. કાપડ બનાવવાની કળા _____ સાથે સંબંધિત છે. (A) વણાટ (B) શિલ્પ (C) સ્થાપત્ય
9. કાપડ પર દોરાથી કરવામાં આવતું નકશીકામ _____ કહેવાય છે. (A) ભરતકામ (B) માટીકામ (C) ધાતુકામ
10. મીનાકારી ભારતની એક પરંપરાગત _____ કળા છે. (A) હસ્ત (B) કૃષિ (C) સ્થાપત્ય
11. પથ્થર કે ધાતુમાંથી આકાર આપીને બનાવેલી કૃતિને _____ કહે છે. (A) શિલ્પ (B) વણાટ (C) ભરતકામ
12. ઈમારતોની રચના સાથે સંબંધિત કળાને _____ કહે છે. (A) સ્થાપત્ય (B) ચિત્રકલા (C) માટીકલા

13. મંદિરો પ્રાચીન ભારતના _____ વારસાના ઉદાહરણો છે. (A) સ્થાપત્ય (B) કૃષિ (C) ઔદ્યોગિક

14. પ્રાચીન સ્મારકો આપણા _____ વિશે માહિતી આપે છે. (A) ઈતિહાસ (B) હવામાન (C) વેપાર

15. શિલ્પ અને સ્થાપત્ય ભારતના _____ વારસાના ભાગ છે. (A) સાંસ્કૃતિક(B) આર્થિક(C) કુદરતી

16. _____ ભારતના પ્રાચીન સાહિત્યનો મહત્વપૂર્ણ ભાગ છે. (A) વેદ (B) અખબાર (C) સામયિક

17. રામાયણ એક પ્રાચીન ભારતીય _____ છે. (A) મહાકાવ્ય (B) સમાચારપત્ર (C) નવલકથા

18. મહાભારત એક પ્રસિદ્ધ ભારતીય _____ છે. (A) મહાકાવ્ય (B) સામયિક (C) નાટક

19. ઉપનિષદોમાં _____ સંબંધિત વિચારો જોવા મળે છે. (A) તત્ત્વચિંતન (B) વેપાર (C) કૃષિ

20. ભારતનો સાહિત્યિક વારસો તેની _____ પરંપરા દર્શાવે છે. (A) જ્ઞાન (B) પરિવહન (C) ઉદ્યોગ

21. પ્રાચીન ભારતમાં _____ ક્ષેત્રે મહત્વપૂર્ણ પ્રગતિ થઈ હતી. (A) ગણિત (B) કમ્પ્યુટર (C) મોટરકાર

22. આકાશી પદાર્થોના અભ્યાસને _____ કહેવામાં આવે છે.(A) ખગોળશાસ્ત્ર (B) ભૂગોળ (C) સમાજશાસ્ત્ર

23. આયુર્વેદ એક પ્રાચીન ભારતીય _____ પધ્ધતિ છે. (A) ચિકિત્સા (B) પરિવહન (C) શિક્ષણ

24. ધાતુઓના ઉત્પાદન અને ઉપયોગ સાથે સંબંધિત જ્ઞાનને _____ કહે છે. (A.) ધાતુવિદ્યા (B) જળવિદ્યા (C) વનવિદ્યા

25. પ્રાચીન ભારતના વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વારસો ભારતની _____ સિધ્ધિઓઓ દર્શાવે છે. (A) વૈજ્ઞાનિક (B) રાજકીય (C) રમતગમત

26. જમીન એક મહત્વપૂર્ણ _____ સંસાધન છે. (A) કુદરતી (B) માનવસર્જિત (C) ઔદ્યોગિક

27. જમીનની ઉપરની ફળદ્રુપ સપાટીનું પાણી કે પવન દ્વારા દૂર થવું _____ કહેવાય છે. A) જમીન ધોવાણ (B) જમીન સંરક્ષણ (C) જમીન નિર્માણ

28. જમીન ધોવાણનું એક મુખ્ય કારણ _____ છે. (A) વનનિર્વનીકરણ (B) વૃક્ષારોપણ (C) જમીન સંરક્ષણ

29. વૃક્ષોના મૂળ જમીનને _____ રાખવામાં મદદ કરે છે. (A) સ્થિર (B) સૂકી (C) ગરમ

30. જમીનના સંરક્ષણ માટે _____ કરવું જરૂરી છે. (A) વૃક્ષારોપણ (B) વનનિર્વનીકરણ (C) અતિશય ચરા

31. વન પર્યાવરણનું _____ જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. (A) સંતુલન (B) પ્રદૂષણ (C) અસંતુલન

32. જંગલોના વિસ્તારમાં ઘટાડો થવાની પ્રક્રિયાને _____ કહે છે.(A) વનનિર્વનીકરણ (B) વનીકરણ (C) સંરક્ષણ

33. વન્યજીવોના સંરક્ષણ માટે _____ બનાવવામાં આવે છે.(A) અભયારણ્ય(B) કારખાના(C) બજારો

34. વન્યજીવોના કુદરતી રહેઠાણને _____ કહેવામાં આવે છે. (A) આવાસ(B) ઉદ્યોગ(C) બજાર

35. વન્યજીવોનું સંરક્ષણ જૈવ _____ માટે જરૂરી છે. (A) વિવિધતા(B) ઉત્પાદન(C) વેપાર

36. ભારતમાં કૃષિ _____ ક્ષેત્રની મહત્વપૂર્ણ પ્રવૃત્તિ છે. (A) પ્રાથમિક (B) દ્વિતીય(C) તૃતીય

37. ચોમાસાની શરૂઆતમાં વાવવામાં આવતા પાકને _____ પાક કહે છે. (A) ખરીફ(B) રવિ(C) ઝાયદ

38. શિયાળાની ઋતુમાં વાવવામાં આવતા પાકને _____ પાક કહે છે. (A) રવિ(B) ખરીફ(C) ઝાયદ

39. _____ એક મુખ્ય રોકડિયો પાક છે. (A) કપાસ(B) ઘઉં(C) ચોખા

40. હરિયાળી ક્રાંતિનો મુખ્ય હેતુ કૃષિ _____ વધારવાનો હતો.

(A) ઉત્પાદન(B) વિસ્તાર C) ખર્ચ

41. નદીઓ _____ સંસાધનનું મહત્વનું સાધન છે. (A) જળ(B) ખનીજ(C) ઊર્જા

42. ખેતી માટે કૃત્રિમ રીતે પાણી પહોંચાડવાની પદ્ધતિને _____ કહે છે.સિંચાઈ(B) જળપ્રદૂષણ(C) જળનિષ્કાસન

43. વરસાદી પાણીનો સંગ્રહ કરવાની પદ્ધતિને _____ કહે છે.

44. વરસાદી જળસંગ્રહ(B) જળપ્રદૂષણ(C) જળનિષ્કાસન

45. પાણીની અછતને _____ કહેવામાં આવે છે. (A) જળસંકટ(B) જળસંગ્રહ(C) જળસિંચાઈ

46. પાણીનો _____ ઉપયોગ કરવો જળ સંરક્ષણ માટે જરૂરી છે. (A) કરકસરપૂર્વક(B) અતિશય(C) બેદરકારીપૂર્વક

47. લોખંડ એક મહત્વપૂર્ણ _____ છે. (A) ખનીજ(B) વનસંપત્તિ(C) જળસંપત્તિ

48. કોલસો એક _____ ઊર્જા સંસાધન છે. (A) પરંપરાગત(B) બિનપરંપરાગત(C) અક્ષય

49. સૂર્યમાંથી પ્રાપ્ત થતી ઊર્જાને _____ ઊર્જા કહે છે.(A) સૌર(B) પવન(C) જળ

50. પવનમાંથી પ્રાપ્ત થતી ઊર્જાને _____ ઊર્જા કહે છે.(A) પવન(B) સૌર(C) પરમાણુ

51. ખનીજ સંસાધનો _____ હોવાથી તેમનું સંરક્ષણ જરૂરી છે.(A) મર્યાદિત(B) અમર્યાદિત(C) અક્ષય

52. દેશના આર્થિક વિકાસનો મુખ્ય હેતુ લોકોના _____માં સુધારો કરવાનો છે.

(A) જીવનધોરણ() ભૌગોલિક વિસ્તાર(C) હવામાન

53. _____ આવક આર્થિક વિકાસનું એક મહત્વનું સૂચક છે. (A) માથાદીઠ(B) કુટુંબદીઠ(C) ગામદીઠ

54. આર્થિક વિકાસમાં _____ ક્ષેત્રનો વિકાસ મહત્વનો છે. (A) કૃષિ(B) માત્ર રમતગમત(C) માત્ર મનોરંજન

55. માનવ વિકાસમાં શિક્ષણ અને _____નો સમાવેશ થાય છે.(A) આરોગ્ય(B) વેપાર(C) પરિવહન

56. આર્થિક વિકાસથી લોકો માટે _____ની તકો વધે છે.(A) રોજગારી(B) ગરીબી(C) બેરોજગારી

57. ભારતમાં નવી આર્થિક નીતિ _____માં અમલમાં આવી હતી.(A) 1991(B) 1981(C) 2001

58. આર્થિક ઉદારીકરણનો અર્થ આર્થિક _____માં ઘટાડો કરવાનો છે.(A) નિયંત્રણો(B) ઉત્પાદન(C) રોજગારી

59. વૈશ્વિકીકરણથી વિવિધ દેશોની અર્થવ્યવસ્થાઓ એકબીજા સાથે વધુ _____ છે.

(A) જોડાય છે(B) અલગ પડે છે(C) બંધ થાય છે

60. વૈશ્વિકીકરણને કારણે આંતરરાષ્ટ્રીય _____માં વધારો થઈ શકે છે.(A) વેપાર(B) ગરીબી(C) બેરોજગારી

61. ઉદારીકરણ પછી અર્થતંત્રમાં _____ ક્ષેત્રની ભૂમિકા વધી.(A) ખાનગી(B) માત્ર સરકારી(C) માત્ર કૃષિ

62. પોતાની મૂળભૂત જરૂરિયાતો પૂરી ન કરી શકવાની સ્થિતિને _____ કહે છે.

63. ગરીબી(B) સમૃદ્ધિ(C) વિકાસ

64. કામ કરવાની ઈચ્છા અને ક્ષમતા હોવા છતાં કામ ન મળવાની સ્થિતિને _____ કહે છે.

(A) બેરોજગારી(B) ગરીબી(C) રોજગારી

65. ગરીબીનું માપન કરવા માટે _____નો ઉપયોગ કરવામાં આવે છે(A) ગરીબી રેખા(B) વસ્તી રેખા(C) આવક રેખા

66. ગરીબી ઘટાડવા માટે _____ની તકો વધારવી જરૂરી છે.

(A) રોજગારી(B) બેરોજગારી(C) ગરીબી

67. ભારતમાં ગરીબી અને _____ મહત્વની આર્થિક સમસ્યાઓ છે.

(A) બેરોજગારી(B) સાક્ષરતા(C) ઉત્પાદન

- **નીચે આપેલ પ્રશ્નોના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર લખો.**

1.ભારતના ભવ્ય વારસાના સંદર્ભમાં નીચેમાંથી કયું સૌથી યોગ્ય છે?

A) માત્ર ઐતિહાસિક ઈમારતો

B) માત્ર પ્રાચીન વસ્તુઓ

C) ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પરંપરાગત વારસો

D) માત્ર ધાર્મિક સ્થળો

2.ગુજરાતના સાંસ્કૃતિક વારસાને સમજવા માટે કઈ બાબત સૌથી વધુ ઉપયોગી છે?

A) સ્થાનિક મેળા અને પરંપરાઓનો અભ્યાસ

B) માત્ર આધુનિક શહેરોનો અભ્યાસ

C) માત્ર ઔદ્યોગિક વિકાસનો અભ્યાસ

D) માત્ર ખેતી પદ્ધતિઓનો અભ્યાસ

3.કોઈ પરંપરા પેઢી દર પેઢી આગળ વધે છે, તો તે મુખ્યત્વે શું દર્શાવે છે?

A) સાંસ્કૃતિક સાતત્ય

B) આર્થિક પરિવર્તન

C) ઔદ્યોગિક વિકાસ

D) રાજકીય પરિવર્તન

4.વારસાનું સંરક્ષણ ન થાય તો સૌથી યોગ્ય પરિણામ કયું હોઈ શકે?

A) વારસાની ઓળખ વધુ મજબૂત બને

B) વારસાની ઐતિહાસિક ઓળખ ધીમે ધીમે નષ્ટ થાય

C) પરંપરાઓ આપમેળે વિકસે

D) સાંસ્કૃતિક વિવિધતા વધે

5.વારસાના સંરક્ષણમાં નવી પેઢીની ભૂમિકા સૌથી યોગ્ય રીતે કઈ છે?

A) માત્ર વારસાની મુલાકાત લેવી

B) વારસાની માહિતી મેળવવી અને તેના સંરક્ષણમાં ભાગ લેવો

C) માત્ર વારસાની તસવીરો લેવી

D) માત્ર પ્રવાસન પ્રવૃત્તિ વધારવી

6.નીચેમાંથી કઈ જોડી બંને**હસ્તકલા**સાથે સંબંધિત છે?

A) માટીકલા – વણાટકલા

B) સંગીત – નૃત્ય

C) નાટ્ય – ભવાઈ

D) સંગીત – માટીકલા

7.મીનાકારી, જડતરકલા અને જરીકલા જેવી કલાઓનું મહત્વ મુખ્યત્વે શેમાં છે?

A) પરંપરાગત કારીગરી જાળવવામાં

B) આધુનિક ઉદ્યોગ વધારવામાં

C) કૃષિ ઉત્પાદન વધારવામાં

D) પરિવહન વ્યવસ્થા વિકસાવવામાં

8.ભરત-ગૂંથણ જેવી કલા લુપ્ત થવા લાગે તો તેનું મુખ્ય કારણ કયું હોઈ શકે?

A) પરંપરાગત કારીગરીમાં નવી પેઢીની ઘટતી ભાગીદારી

B) હસ્તકલાની વધતી માંગ

C) કારીગરોની વધતી સંખ્યા

D) પરંપરાગત કલા પ્રત્યે વધતો રસ

10.નીચેમાંથી કઈ જોડી**લલિત કલા**સાથે વધુ યોગ્ય રીતે સંબંધિત છે?

A) માટીકલા – અકીકકલા

B) વણાટકલા – જરીકલા

C) સંગીત – નૃત્ય

D) જડતરકલા – કાષ્ઠકલા

11.ગુજરાતની પરંપરાગત કલાને જીવંત રાખવા માટે કયું પગલું સૌથી અસરકારક છે?

A) માત્ર જૂની વસ્તુઓ સંગ્રહિત કરવી

B) કારીગરોને પ્રોત્સાહન આપી નવી પેઢીને તાલીમ આપવી

C) પરંપરાગત કલા બદલે સંપૂર્ણપણે યાંત્રિક ઉત્પાદન કરવું

D) માત્ર કલા પ્રદર્શનોનું આયોજન કરવું

12.પ્રાચીન ભારતના નગર આયોજનનો અભ્યાસ મુખ્યત્વે શું સમજવામાં મદદ કરે છે?

A) પ્રાચીન નગરોની સુવ્યવસ્થિત રચના

B) માત્ર ધાર્મિક માન્યતાઓ

C) માત્ર વેપારની પદ્ધતિ

D) માત્ર ખેતીની પદ્ધતિ

13.મૌર્ય-ગુપ્તકાલીન સ્થાપત્યનો અભ્યાસ કયા પ્રકારના વારસાની સમજ આપે છે?

A) સ્થાપત્ય અને શિલ્પ વારસાની

B) માત્ર સાહિત્યિક વારસાની

C) માત્ર વૈજ્ઞાનિક વારસાની

D) માત્ર લોકસંસ્કૃતિની

14.દ્રવિડ શૈલીનો સંબંધ મુખ્યત્વે કયા ક્ષેત્ર સાથે છે?

A) મંદિર સ્થાપત્ય

B) ગુફા ચિત્રકલા

C) નગર આયોજન

D) હસ્તકલા

15.મંદિર સ્થાપત્યમાં ગોપુરમનું વિશિષ્ટ સ્થાન કઈ બાબત દર્શાવે છે?

A) સ્થાપત્યની વિશિષ્ટ રચનાત્મક પરંપરા

B) માત્ર નગર આયોજન

C) માત્ર શિલ્પકામ

D) માત્ર ધાર્મિક સાહિત્ય

16.પ્રાચીન સ્થાપત્યને સાચવવાનું સૌથી યોગ્ય કારણ કયું છે?

A) જૂની ઈમારતોનો ઉપયોગ ચાલુ રાખવો

B) ઐતિહાસિક અને સાંસ્કૃતિક પુરાવાનું સંરક્ષણ કરવુ

C) પ્રવાસીઓની સંખ્યા વધારવી

D) નવી ઈમારતો માટે જગ્યા મેળવવી

17.નીચેમાંથી કયો સમૂહ પ્રાચીન ભારતીય સાહિત્યિક વારસાને સૌથી યોગ્ય રીતે દર્શાવે છે?

A) વેદો, ઉપનિષદો, રામાયણ અને મહાભારત

B) બંધારણ, બજેટ અને પંચવર્ષીય યોજના

C) અખબાર, સામયિક અને સમાચારપત્ર

D) નવલકથા, ફિલ્મ અને જાહેરાત

18.વેદો અને ઉપનિષદોનો અભ્યાસ કરવાથી મુખ્યત્વે શું સમજવામાં મદદ મળે છે?

A) પ્રાચીન ભારતીય જ્ઞાનપરંપરા

B) આધુનિક ઔદ્યોગિક વિકાસ

C) આધુનિક રાજકીય વ્યવસ્થા

D) આધુનિક પરિવહન વ્યવસ્થા

19.નાલંદા, તક્ષશિલા અને વલભીનો ઉલ્લેખ કયા સંદર્ભમાં થાય છે?

A) પ્રાચીન શિક્ષણ પરંપરા

B) પ્રાચીન વેપાર માર્ગ

C) પ્રાચીન કૃષિ પદ્ધતિ

D) પ્રાચીન નગર આયોજન

20.પ્રાચીન સાહિત્યનો વારસો જાળવવા માટે સૌથી યોગ્ય પગલું કયું છે?

A) માત્ર ગ્રંથોના નામ યાદ રાખવા

B) ગ્રંથોનું સંરક્ષણ અને તેનો અભ્યાસ કરવો

C) માત્ર ગ્રંથોના અનુવાદ કરવા

D) માત્ર ગ્રંથોનું પ્રદર્શન કરવું

21.પ્રાચીન વિદ્યાપીઠોની પરંપરા પરથી કયું તારણ વધુ યોગ્ય છે?

A) ભારતમાં શિક્ષણની પરંપરા તાજેતરની છે

B) ભારતમાં પ્રાચીન સમયથી જ જ્ઞાન અને શિક્ષણને મહત્વ અપાતું હતું

C) શિક્ષણ માત્ર ધાર્મિક વિષયો પૂરતું હતું

D) ઉચ્ચ શિક્ષણ માત્ર વિદેશોમાં ઉપલબ્ધ હતું

22.નીચેમાંથી કયો સમૂહ પ્રાચીન ભારતના વિજ્ઞાન વારસાને યોગ્ય રીતે દર્શાવે છે?

A) ધાતુવિદ્યા, ગણિત અને ખગોળશાસ્ત્ર

B) વેપાર, કૃષિ અને પરિવહન

C) સંગીત, નૃત્ય અને નાટ્ય

D) વણાટ, જરીકલા અને ભરતકામ

23.પ્રાચીન ભારતની ધાતુવિદ્યાનો અભ્યાસ શેની સમજ આપે છે?

A) ધાતુઓના જ્ઞાન અને કારીગરીની

B) માત્ર સ્થાપત્યની

C) માત્ર સાહિત્યની

D) માત્ર કૃષિની

24.વૈદકવિદ્યા અને શલ્યચિકિત્સાનો સમાવેશ કયા વારસામાં થાય છે?

A) વૈજ્ઞાનિક વારસો

B) સાહિત્યિક વારસો

C) સ્થાપત્ય વારસો

D) હસ્તકલા વારસો

25.ગણિતશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રનો પ્રાચીન ભારતના સંદર્ભમાં અભ્યાસ કરવાથી શું સમજાય છે?

A) પ્રાચીન વૈજ્ઞાનિક જ્ઞાનની વિવિધતા

B) માત્ર ધાર્મિક પરંપરાઓ

C) માત્ર સાહિત્યિક વિકાસ

D) માત્ર સ્થાપત્ય વિકાસ

26.પ્રાચીન ભારતના વિજ્ઞાન વારસાનો અભ્યાસ કરતી વખતે સૌથી યોગ્ય અભિગમ કયો છે?

A) તમામ દાવાઓને સાચા માનવા

B) તમામ દાવાઓને ખોટા માનવા

C) ઉપલબ્ધ માહિતી અને પુરાવાના આધારે સમજવાનો પ્રયત્ન કરવો

D) માત્ર પરીક્ષામાં આવતી માહિતી યાદ કરવી

27.જમીન કયા પ્રકારનું સંસાધન છે?

A) કુદરતી

B) માનવસર્જિત

C) ઔદ્યોગિક

D) કૃત્રિમ

28.જમીન ધોવાણનું મુખ્ય કારણ કયું છે?

A) પાણી અને પવન

B) વરસાદી પાણીનો સંગ્રહ

C) વૃક્ષારોપણ

D) સિંચાઈ

29.જમીનનું સંરક્ષણ શા માટે જરૂરી છે?

A) જમીનની ફળદ્રુપતા જાળવવા

B) જમીનનો વિસ્તાર ઘટાડવા

C) ખેતી બંધ કરવા

D) જંગલો ઘટાડવા

30.વૃક્ષો જમીન ધોવાણને કેવી રીતે ઘટાડે છે?

A) મૂળ દ્વારા જમીનને પકડી રાખીને

B) જમીનને ગરમ કરીને

C) વરસાદ વધારીને

D) જમીનનો રંગ બદલીને

31.જમીનના ઉપયોગનું યોગ્ય આયોજન કોના માટે જરૂરી છે?

A) સંસાધન સંરક્ષણ માટે

B) માત્ર ઉદ્યોગ માટે

C) માત્ર પરિવહન માટે

D) માત્ર વેપાર માટે

32.જંગલોનું મુખ્ય મહત્વ શું છે?

A) પર્યાવરણનું સંતુલન જાળવવું

B) માત્ર લાકડું મેળવવું

C) માત્ર ખેતી કરવી

D) માત્ર પ્રવાસન વધારવું

33.વનનિર્વનીકરણ એટલે શું?

A) જંગલોનો ઘટાડો

B) જંગલોનું વાવેતર

C) જંગલોનું સંરક્ષણ

D) જંગલોનું વિસ્તરણ

34.વન્યજીવોના સંરક્ષણ માટે કયું સ્થળ બનાવવામાં આવે છે

A) અભયારણ્ય

B) કારખાનું

C) બંદર

D) બજાર

35.વન્યજીવોના વિનાશનું એક મુખ્ય કારણ કયું છે?

A) આવાસનો નાશ

B) વૃક્ષારોપણ

C) વન સંરક્ષણ

D) જળ સંચય

36.રાષ્ટ્રીય ઉદ્યાનનો મુખ્ય હેતુ શું છે?

A) વન્યજીવ અને કુદરતી પર્યાવરણનું સંરક્ષણ

B) ઉદ્યોગો સ્થાપવા

C) ખેતી વિસ્તાર વધારવો

D) રહેણાંક વિસ્તાર વધારવો

37.ભારતમાં મુખ્યત્વે કેટલી કૃષિ ઋતુઓ છે?

A) ત્રણ

B) બે

C) ચાર

D) પાંચ

38.ખરીફ પાકની વાવણી સામાન્ય રીતે ક્યારે કરવામાં આવે છે?

A) ચોમાસાની શરૂઆતમાં

B) શિયાળાની શરૂઆતમાં

C) ઉનાળાના અંતે

D) શિયાળાના અંતે

39 .નીચેમાંથી કયો રોકડિયો પાક છે?

A) કપાસ

B) ઘઉં

C) ચોખા

D) બાજર

40.હરિયાળી ક્રાંતિનો મુખ્ય હેતુ શું હતો?

A) કૃષિ ઉત્પાદન વધારવું

B) ખેતીની જમીન ઘટાડવી

C) ઉદ્યોગો બંધ કરવાં

D) કૃષિ છોડવી

41 .ભારતની અર્થવ્યવસ્થામાં કૃષિનું શું મહત્વ છે?

A) ખાદ્ય અને રોજગાર પૂરાં પાડે છે

B) માત્ર નિકાસ કરે છે

C) માત્ર ઉદ્યોગોને નુકસાન કરે છે

D) માત્ર શહેરોને લાભ આપે છે

42 .નીચેમાંથી કયું જળ સંસાધન છે.

A) નદી

B) કોલસો

C) લોખંડ

D) પેટ્રોલિયમ

43. જળ સંકટનું એક મુખ્ય કારણ કયું છે?

A) પાણીનો અતિશય ઉપયોગ

B) પાણીનો સંગ્રહ

C) વૃક્ષારોપણ

D) વરસાદી જળસંગ્રહ

44 .જળ સંસાધનનું સંરક્ષણ કરવા માટે શું કરવું જોઈએ?

A) પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ B) પાણીનો બગાડ

C) ભૂગર્ભજળનો અતિશય ઉપયોગ D) નદીઓમાં કચરો નાખવો

45 .નીચેમાંથી કયું ખનીજ છે?

A) લોખંડ

B) લાકડું

C) પાણી

D) હવા

46 .કોલસો કયા પ્રકારનું સંસાધન છે

A) પરંપરાગત ઊર્જા સંસાધન

B) બિનપરંપરાગત ઊર્જા સંસાધન

C) જૈવિક સંસાધન

D) માનવ સંસાધન

47 .નીચેમાંથી કયું બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોત છે?

A) સૌર ઊર્જા

B) કોલસ

C) ખનીજતેલ

D) કુદરતી વાયુ

48 .ખનીજ સંસાધનોનું સંરક્ષણ શા માટે જરૂરી છે?

A) ખનીજ સંસાધનો મર્યાદિત છે

B) ખનીજ સંસાધનો અમર્યાદિત છે

C) ખનીજનો કોઈ ઉપયોગ નથી

D) ખનીજ માત્ર ખેતીમાં વપરાય છે

49.આર્થિક વિકાસનો મુખ્ય હેતુ શું છે?

A) લોકોના જીવનધોરણમાં સુધારો

B) માત્ર વસ્તીમાં વધારો

C) માત્ર કરમાં વધારો

D) માત્ર આયાતમાં વધારો

50.દેશના આર્થિક વિકાસનું એક મહત્વનું સૂચક કયું છે?

A) માથાદીઠ આવક

B) કુલ વસ્તી

C) વિસ્તાર

D) વરસાદ

51 .આર્થિક વિકાસ માટે કયું પરિબળ મહત્વનું છે?

A) શિક્ષણ

B) માત્ર વસ્તી વધારો

C) માત્ર આયાત

D) માત્ર વપરાશ

52.માનવ વિકાસમાં મુખ્યત્વે કઈ બાબતોનો સમાવેશ થાય છે?

A) શિક્ષણ, આરોગ્ય અને જીવનધોરણ

B) માત્ર આવક

C) માત્ર ઉદ્યોગ

D) માત્ર વેપાર

53.આર્થિક વિકાસથી સામાન્ય રીતે શું થાય છે?

A) લોકોના જીવનધોરણમાં સુધારો

B) બેરોજગારીમાં ચોક્કસ વધારો

C) ગરીબીમાં ચોક્કસ વધારો

D) ઉત્પાદન ઘટે

54.આર્થિક ઉદારીકરણનો મુખ્ય અર્થ શું છે?

A) આર્થિક નિયંત્રણોમાં ઘટાડો

B) તમામ વેપાર બંધ કરવો

C) આયાત પર સંપૂર્ણ પ્રતિબંધ

D) ખાનગી ક્ષેત્ર બંધ કરવું

55.વૈશ્વિકીકરણનો અર્થ શું છે?

A) વિશ્વના દેશોની અર્થવ્યવસ્થાઓ વચ્ચે વધતું જોડાણ

B) દેશો વચ્ચે વેપાર બંધ કરવો

C) માત્ર સ્થાનિક વેપાર કરવો

D) વિદેશી રોકાણ પર સંપૂર્ણ પ્રતિબંધ

56.વૈશ્વિકીકરણને કારણે કઈ બાબતમાં વધારો થઈ શકે છે?

A) આંતરરાષ્ટ્રીય વેપાર

B) વેપાર પ્રતિબંધ

C) આયાત-નિકાસમાં ઘટાડો

D) દેશો વચ્ચેનું અંતર

57.ઉદારીકરણ અને વૈશ્વિકીકરણનો એક મુખ્ય પરિણામ કયું છે?

A) સ્પર્ધામાં વધારો

B) સ્પર્ધાનો સંપૂર્ણ અંત

C) બજારોનું બંધ થવું

D) ખાનગી ક્ષેત્રનો અંત

➢ નીચેના પ્રશ્નોના એક–બે વાક્યમાં જવાબ લખો

1. વારસો એટલે શું?
2. આર્ય પ્રજા અન્ય કયા નામે ઓળખાય છે?
3. નેગ્રીટો (હબસી) પ્રજા વિશે ટૂંકમાં માહિતી આપો.
4. ભારતની રાષ્ટ્રીય મુદ્રામાં કયાં કયાં પ્રાણીઓ દર્શાવાયેલા છે?
5. અલ્પાઈન, ડિનારિક અને આર્મેનોઈડ પ્રજા ક્યાંથી આવેલી છે?
6. સાંસ્કૃતિક વારસો એટલે શું?

7. ‘કાંતણ’ કળામાં કઈ કઈ પ્રક્રિયા કરવામાં આવે છે?

8. "સંગીત રત્નાકર" નામનો ગ્રંથ કોણે લખ્યો છે?

9. પ્રાચીન સમયમાં ચામડામાંથી બનાવવામાં આવતી કોઈપણ ચાર વસ્તુના નામ આપો.

10. હડપ્પાના લોકો માટીનાં વાસણો ઉપર કઈ કઈ ભાત પાડતાં હતાં?

11. શિલ્પ એટલે શું?

12.સિટાડલનો અર્થ શું થાય છે?

13. સ્થાપત્ય એટલે શું?

14. સ્તંભલેખો કઈ લિપિમાં કોતરાયેલા છે?

15. ડોકયાર્ડ એટલે શું?

16. "સંગીતની ગંગોત્રી" તરીકે કયો ગ્રંથ જાણીતો છે?

17. ઉત્તરરામચરિતની રચના કોણે કરી હતી?

18. અથર્વવેદમાં કઈ કઈ માહિતી આપવામાં આવી છે?

19. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કયા દાર્શનિક સિદ્ધાંતોનું વિવેચન છે?

20. ભારતમાં મુખ્ય બે મહાકાવ્ય કયા કયા છે?

21. નાલંદા વિદ્યાપીઠ હાલ કયા રાજ્યમાં આવેલી છે?

22. વિજ્ઞાન અને ટેકનોલોજી એટલે શું?

23. જ્યોતિષશાસ્ત્ર કેટલા વિભાગમાં વહેંચાયેલું છે?

24. લીલાવતી ગણિત નામનો ગ્રંથ કોણે લખ્યો છે?

25. શકમુનિએ કયા શાસ્ત્રની રચના કરી છે?

26. જમીન એટલે શું?

27. લેટેરાઈટ જમીનમાં કયા કયા પાકો લેવામાં આવે છે?

28. ‘ભૂમિ સરક્ષણ’ ના થાય તો શું થાય?

29.ICAR નું પૂરું નામ જણાવો.

30. સંસાધન એટલે શું?

31. સામુદાયિક વન એટલે શું?

32. જૈવ આરક્ષિત ક્ષેત્રનો મુખ્ય હેતુ કયો છે?

33. હેણોતરોની શારીરિક વિશેષતાઓ કઈ છે?

34. અક્ષત વનસ્પતિ એટલે શું?

35. નિર્વનીકરણ એટલે શું?

36. હરિયાળી ક્રાંતિ એટલે શું?

37. કૃષિ સંશોધન ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ કાર્ય કરતી સંસ્થાઓના નામ લખો.

38. મિશ્ર ખેતી એટલે શું?

39. ગુજરાતમાં કયા કયા સ્થળે કૃષિ યુનિવર્સિટીઓ આવેલી છે?

40. ભૂમિગત જળના ઉપયોગો જણાવો.

41. વણાકબોરી યોજના કયા રાજ્યમાં આવેલી છે?

42. ઓડિશા રાજ્યમાં કઈ યોજના આવેલી છે?

43. ઢાળનું લોખંડ કોને કહેવાય છે?

44. ઊર્જાના બિનપરંપરાગત સાધનોના વૃદ્ધિ અને વિકાસ માટે સૌર ઊર્જા ક્ષેત્રે ગુજરાતમાં કઈ સંસ્થા કાર્યરત છે?

45. એલ્યુમિનિયમની કાચી ધાતુ ક્યાં નામે ઓળખાય છે?

46. ખનીજ સંરક્ષણ એટલે શું?

47. આર્થિક વિકાસ એટલે શું?

48. આર્થિક વૃદ્ધિ એટલે શું?

49. આર્થિક પ્રવૃત્તિ નો અર્થ જણાવો.

50. ઉત્પાદનના મુખ્ય સાધનો કયા છે? જણાવો.

51. ભારતે કઈ આર્થિક પદ્ધતિ અપનાવી છે?

52. સાધનોનો વૈકલ્પિક ઉપયોગ એટલે શું?

53. મિશ્ર અર્થતંત્ર કયા દેશોમાં જોવા મળે છે?

54. મિશ્ર આર્થિક પદ્ધતિઓમાં કઈ કઈ ખામીઓ જોવા મળે છે?

55. ભારતમાં આર્થિક સુધારાઓનો અમલ ક્યારે થયો?

56. આર્થિક ઉદારીકરણ એટલે શું?

57. વિશ્વ વ્યાપાર સંગઠનની સ્થાપના ક્યારે થઈ?

58. સુપોષિત વિકાસ એટલે શું?

59.WHO પૂરું નામ લખો.

60. વિશ્વમાં એક દેશની બીજા દેશો સાથે વ્યાપારી ઝઘડાઓ થાય તો તે કઈ સંસ્થા નિવારણ કરશે?

61. આ સ્થાપત્ય કયા આવેલું છે.



62. આ સ્થાપત્યનું નામ જણાવો



ખરાં–ખોટાં વિધાનો ઓળખી બતાવો.

1. નેગ્રીટો મોહેં-જો-દડોની સિંધુ સંસ્કૃતિના સર્જકો અને પાષાણયુગની સંસ્કૃતિના સીધા વારસદાર તરીકે ઓળખવામાં આવે છે.
2. રાજસ્થાનનું બિકાનેર શહેર જડતરકામના ઘરેણા માટે જાણીતું છે.
3. ગુજરાતમાં ઈડરના રમકડાં જાણીતા છે.
4. "કથન કરે સો કથક કહાવે" – આ કથક સાથે જોડાયેલ છે.
5. મૌર્ય યુગમાં રચાયેલ સાંચીનો સ્તૂપ ઓડિશામાં આવેલો છે.
6. મલાવ તળાવ પાલનપુરમાં આવેલું છે.

7. દશકુમારચરિત નામનો ગ્રંથ ભારવિએ લખ્યો છે.

8. અકબરે "તુઝુકે-બાબરી" નામની પોતાની આત્મકથા લખી છે.

9. ગુલબદન બેગમે આઈને-અકબરી અને અકબરનામા નામના ગ્રંથો લખ્યા છે.

10. જંગલો, સૂર્યપ્રકાશ, પશુ-પંખીઓને અનવીનીકરણીય સંસાધનો કહેવાય છે.

11. દેશની કુલ આવકને રાષ્ટ્રીય આવક કહેવામાં આવતી નથી.

12. જાપાન વિકાસશીલ દેશ છે.

13. માધ્યમિક ક્ષેત્રોમાં ટાંકણીથી લઈને મોટા યંત્રો સુધીનું ઉત્પાદન કરવામાં આવે છે.

14. બજાર પધ્ધતિમાં ઉત્પાદનનાં સાધનોની માલિકી રાજ્યની હોય છે.

15. ટકાઉ વિકાસમાં પર્યાવરણીય સંસાધનોની કાયમી જાળવણી ઉપર ભાર મુકાયો નથી

16. ભારતનો વારસો પ્રાચીન અને સમૃધ્ધ છે.

17. સાંસ્કૃતિક વારસામાં માત્ર ઈમારતોનો જ સમાવેશ થાય છે.

18. વારસાનું સંરક્ષણ કરવું આપણી જવાબદારી છે.

19. મેળાઓ અને ઉત્સવો સાંસ્કૃતિક વારસાનો ભાગ છે.

20. હસ્તકલા માનવના કૌશલ્ય સાથે સંકળાયેલી છે.

21.વણાટકલા કાપડ બનાવવાની કલા સાથે સંબંધિત છે.

22. મીનાકારી ભારતની પરંપરાગત કલાઓમાંની એક છે.

23. હસ્તકલા અને લલિત કલાઓનો આપણા સાંસ્કૃતિક વારસા સાથે કોઈ સંબંધ નથી.

24. શિલ્પકલા ભારતના સાંસ્કૃતિક વારસાનો એક ભાગ છે.

25. સ્થાપત્ય કલા ઈમારતો અને રચનાઓ સાથે સંબંધિત છે.

26. પ્રાચીન સ્મારકો આપણા ઐતિહાસિક વારસાને દર્શાવે છે.

27. શિલ્પ અને સ્થાપત્યનો આપણા ઈતિહાસ સાથે કોઈ સંબંધ નથી.

28. વેદો ભારતના પ્રાચીન સાહિત્યનો ભાગ છે.

29. રામાયણ અને મહાભારત ભારતીય સાહિત્યનાં મહત્ત્વનાં ગ્રંથો છે.

30. ઉપનિષદોમાં તત્ત્વચિંતન સંબંધિત વિચારો જોવા મળે છે.

31. ભારતનો સાહિત્યિક વારસો માત્ર આધુનિક સમયમાં જ વિકસ્યો છે.

32. પ્રાચીન ભારતમાં ગણિતના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પ્રગતિ થઈ હતી.

33. ખગોળશાસ્ત્રનો સંબંધ આકાશી પદાર્થોના અભ્યાસ સાથે છે.

34.આયુર્વેદ ભારતની પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ છે.

35. પ્રાચીન ભારતમાં ધાતુવિદ્યાનું કોઈ જ્ઞાન નહોતું.

36. જમીન એક મહત્વપૂર્ણ કુદરતી સંસાધન છે.

37. જમીન ધોવાણ માટે પાણી અને પવન જવાબદાર હોઈ શકે છે.

38. વૃક્ષો જમીન ધોવાણ વધારવામાં મદદ કરે છે.

39. જમીનનું સંરક્ષણ કરવું જરૂરી છે.

40. વનનિર્વનીકરણ એટલે જંગલોના વિસ્તારમાં વધારો થવો.

41. વન્યજીવોના સંરક્ષણ માટે અભયારણ્યો બનાવવામાં આવે છે.

42. વન્યજીવોના આવાસનો નાશ તેમના વિનાશનું એક કારણ છે.

43. કૃષિ ભારતની મહત્વપૂર્ણ આર્થિક પ્રવૃત્તિ છે.

44. ખરીફ પાક ચોમાસાની ઋતુ સાથે સંબંધિત છે.

45. કપાસ એક રોકડિયો પાક છે.

46. હરિયાળી ક્રાંતિનો હેતુ કૃષિ ઉત્પાદન વધારવાનો હતો.

47. નદીઓ જળ સંસાધનનું એક મહત્વપૂર્ણ સ્ત્રોત છે.

48. સિંચાઈનો ઉપયોગ ખેતી માટે પાણી પહોંચાડવા થાય છે.

49. વરસાદી જળસંગ્રહ પાણીના સંરક્ષણ માટે ઉપયોગી છે.

50. પાણીનો અતિશય ઉપયોગ જળ સંકટનું કારણ બની શકે છે.

51. કોલસો પરંપરાગત ઊર્જા સંસાધન છે.

52. સૌર ઊર્જા બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોત છે.

53.પવન ઊર્જા પવનમાંથી પ્રાપ્ત થાય છે.

54. ખનીજ સંસાધનો અમર્યાદિત છે, તેથી તેમનું સંરક્ષણ જરૂરી નથી.

55. આર્થિક વિકાસનો હેતુ લોકોના જીવનધોરણમાં સુધારો કરવાનો છે.

56. માથાદીઠ આવક આર્થિક વિકાસનું એક સૂચક છે.

57. શિક્ષણ અને આરોગ્યનો આર્થિક વિકાસ સાથે કોઈ સંબંધ નથી.

58. આર્થિક વિકાસથી રોજગારીની તકોમાં વધારો થઈ શકે છે.

59. માનવ વિકાસમાં શિક્ષણ અને આરોગ્યનો સમાવેશ થાય છે.

60. ભારતમાં નવી આર્થિક નીતિ 1991માં અમલમાં આવી હતી.

61. ઉદારીકરણનો અર્થ આર્થિક નિયંત્રણોમાં ઘટાડો કરવો છે.

62.વૈશ્વિકીકરણથી દેશો વચ્ચે આર્થિક સંબંધો વધે છે.

63.વૈશ્વિકીકરણથી આંતરરાષ્ટ્રીય વેપારમાં વધારો થઈ શકે છે.

64.ઉદારીકરણનો હેતુ તમામ ખાનગી ઉદ્યોગોને બંધ કરવાનો છે.

65. ગરીબીમાં વ્યક્તિ પોતાની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવામાં મુશ્કેલી અનુભવે છે.

66. બેરોજગારી એટલે કામ કરવાની ક્ષમતા અને ઈચ્છા હોવા છતાં કામ ન મળવું.

67. બેરોજગારી ગરીબીનું એક કારણ બની શકે છે.

68. ગરીબી નિવારણ માટે રોજગારીની તકો વધારવી ઉપયોગી છે.

69. ભારતમાં બેરોજગારીની સમસ્યા નથી.

70. જંગલો પર્યાવરણનું સંતુલન જાળવવામાં મદદ કરે છે.

વિભાગ – B

[S1043] સામાજિક વિવિધતાઓ, કલાઓ અને સ્થાપત્યના વારસા વિશે જાણશે.

કોઈપણ પ્રશ્નોના આશરે 15 થી 35 શબ્દોમાં જવાબ આપો. (દરેકના બે ગુણ)

1. ભારતના પ્રાચીન ગ્રંથ "વિષ્ણુપુરાણ"માં ભારત વિશે કઈ બાબતનો ઉલ્લેખ કરવામાં આવેલો છે?
2. સંસ્કૃતિ એટલે શું?
3. આપણે નદીને "લોકમાતા"નું બહુમાન આપ્યું છે. – વિધાન સમજાવો.
4. ઓસ્ટ્રેલાઈટ પ્રજા વિશે ટૂંકમાં લખો.
5. નેગ્રીટો ભારતના પ્રાચીન નિવાસીઓ છે. – તેમના વિશે ટૂંકમાં લખો.
6. પારિભાષિક શબ્દો : (1) સપ્તસિંધુ (2) આર્યાવર્ત
7. માનવજીવન અને માટી વચ્ચે ઘણો જ પ્રાચીન સંબંધ રહ્યો છે. – વિધાન સમજાવો.
8. કાષ્ઠકલાનો પરિચય કરાવો.
9. અકીક એટલે શું? તેનું મહત્વ દર્શાવો.
10. શાસ્ત્રકારોએ ભવાઈને ભાવપ્રધાન નાટકો કહ્યા છે. શા માટે?
11. મોહેં-જો-દડોની ગટર યોજના, સ્વચ્છતા તેમજ આરોગ્યના કેવા ઊંચા ખ્યાલો ધરાવતા હશે?
13. ગુપ્તયુગને કલાનો "સુવર્ણયુગ" કેમ કહેવામાં આવે છે?
14. પ્રકાશભાઈ સાહેબ મહેસાણા જિલ્લાના સૂર્યમંદિરની મુલાકાત માટે લઈ જાય છે – તેના વિશે લખો.
15. વેદનો અર્થ જણાવી વેદોના નામ લખો.
16. બૌદ્ધ સાહિત્ય પાલી ભાષામાં લખાયેલું છે. – તેના વિશે જણાવો.
17. નીચેનામાંથી કવિ કાલિદાસની કૃતિઓ કઈ કઈ છે? શોધીને લખો. (તુઝુક-એ-બાબરી, અભિજ્ઞાન શાકુંતલમ, ઋતુસંહાર, મેઘદૂત, કિરાતાર્જુનીયમ, કુમારસંભવ)
18. અનવીનીકરણ સંસાધનમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?
19. કાળી જમીન કપાસના પાકને વિશેષ અનુકૂળ હોવાથી આ જમીન કપાસની જમીન તરીકે ઓળખાય છે. – વિધાન સમજાવો.
20. જમીન ધોવાણ અટકાવવાના ઉપાયો કયા કયા છે તે જણાવો.

21. ભૂમિ સંરક્ષણના ઉપાયો જણાવો.

22. નિર્વનીકરણની અસરો જણાવો.

23. વિભાવનાઓનો અર્થ લખો : (1) અભયારણ્ય (2) રાષ્ટ્રીય ઉદ્યાન

24. મને ઓળખો :

1. અહીંયા વૃક્ષો–જંગલો સીધા સરકારતંત્રના નિયંત્રણમાં હોય છે. લાકડાં કાપવા કે વીણવા તથા પશુચરાણ માટે પ્રવેશ કરવાની મનાઈ હોય છે.
2. મને કુદરતનો સફાઈ કામદાર કહે છે.

25. સેવાક્ષેત્રમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

26. બજાર પધ્ધતિનાં લક્ષણો જણાવો.

27. બજાર પધ્ધતિના લાભો જણાવો.

28. સમાજવાદપધ્ધતિની મર્યાદાઓ (ખામીઓ) જણાવો.

29. સમાજવાદી પધ્ધતિનાં લક્ષણો જણાવો.

30. ટકાઉ વિકાસ એટલે શું?

31. ભારત પ્રાચીન સંસ્કૃતિ ધરાવતો દેશ છે - વિધાન સમજાવો. . સાંસ્કૃતિક વારસો એટલે શું?

32.નીચેનું ચિત્ર જોઈ આપેલ પ્રશ્નના જવાબો આપો.

1. આ કયા સ્તુપનું ચિત્ર છે.
2. આ સ્તૂપ કયા રાજ્યમાં આવેલો છે.



32. ગુજરાતના સાંસ્કૃતિક વારસાના પુરાતત્વીય સ્થળો જણાવો.

33. આર્યો પ્રકૃતિ પ્રેમી હતા?

34. પાટણ પટોળા શા માટે જાણીતું છે?

35. ચિત્રકલાનું સ્થાન વિવિધ કલાઓમાં અગ્રિમ સ્થાને છે - વિધાન સમજાવો.

36. શાસ્ત્રકારોએ ભવાઈને ભાવ પ્રધાન નાટકો કહયા છે. શા માટે?

37. સારનાથનો સ્તંભ શિલ્પકલાનો શ્રેષ્ઠ નમૂનો છે?

38. મોઢેરાનું સૂર્યમંદિર વિશે લખો.

39. વેદનો અર્થ જણાવી વેદોના નામ લખો.

40. બૌદ્ધ સાહિત્ય વિશે ટૂંકમાં જણાવો.

41. ગુજરાતી સાહિત્યને કયા કયા મહાપુરુષોએ સમૃદ્ધ બનાવ્યું?

42. કાંચી, થંજાવુર, મદુરાઈ અને આબુમાં કયા કયા મંદિરો આવેલા છે?

43. નીચેનામાંથી અમીર ખુશરોની કૃતિઓ કઈ કઈ છે? શોધીને લખો.

(તુઝુકે બાબરી, નૂર, રામચરિત માનસ, આશિકા, સિપિહર, દરબારે અકબરી, કીરાતુલ સદાયન, પદ્માવત)

44. નવીનીકરણ અને અનવીનીકરણ વિશે તફાવત લખો.

45. જમીનોના માત્ર પ્રકાર લખો.

46. કાળી જમીન કપાસના પાકને વિશેષ અનુકૂળ હોવાથી આ જમીન કપાસની જમીન તરીકે ઓળખાય છે - વિધાન સમજાવો.

47. રાઈનો વિઝન યોજનાનો પરિચય કરાવો.

48. મને ઓળખો .

1. અમે ગીર સોમનાથ જિલ્લામાં વાકિયા ગામ પાસે રૂપે નદીની બાજુમાં એક ડુંગર ઉપર મધપૂડા ની જેમ 62 જેટલી પથરાયેલી ગુફાઓ છીએ.
2. મને મંદિરનું પ્રવેશદ્વાર કહે છે.?

49. સંકલ્પના સમજાવો

1. સ્થાપત્ય .
2. સ્તૂપ.

50. વિશ્વ શ્રમ બજાર કોને કહે છે ?

51. ધોરણ 12 પાસ કરેલ વ્યક્તિને તેની નોકરીની માહિતીની જરૂર છે હાલ તે બેરોજગાર છે પરંતુ તેઓ શિક્ષિત બેરોજગારી હાલ દૂર કરવા કઈ કચેરીમાં પોતાનું નામ નોંધાવશે

52. ગરીબી માપનની બે રીતો ના નામ જણાવો

53. નિરપેક્ષ ગરીબી એટલે શું ?

54. ગરીબ કોને કહેવાય છે?

55. એલિફન્ટાની ગુફાઓ વિશે ટૂંકમાં માહિતી આપો

56. બૃહદેશ્વર મંદિર ની માહિતી આપો

57.સંકલ્પના સમજાવો

1. ખનીજ તેલ
2. ખનીજ

58.બોક્સાઈટના ઉપયોગો જણાવો

59. આજે પરંપરાગત ઉર્જા શક્તી નો ઉપયોગ શા માટે વધ્યો છે ?

60.પૂરું નામ આપો

1.CASE

2.GEDA

61. બાયોગેસ કેવી રીતે ઉત્પન્ન થાય છે

62. ભારતમાં શાંતિ અને વિકાસની અવરોધતા પરિબળો કયા કયા છે

63. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના વિકાસ અને કલ્યાણ માટે બંધારણમાં શું જોગવાઈઓ કરવામાં આવી છે.?

64. સંકલ્પના લખો

1.ઉદારીકરણ

2 ખાનગીકરણ

65. સંકલ્પના લખો

1. ટકાઉ વિકાસ
2. વૈશ્વિકીકરણ

66. ભારતીય વૈદક શાસ્ત્રના મહાન પ્રણેતાઓ ના નામ લખો

67. વાસ્તુશાસ્ત્રમાં કયા કયા વિધાનોનું અનોખું પ્રદાન રહ્યું છે.

68. મહર્ષિ સુશ્રુતે મહર્ષિ ચરકે કયા ગ્રંથની રચના કરી હતી.

69. ગુજરાતના મહત્વના ધાર્મિક સ્થળોમાં કોનો કોનો સમાવેશ થાય છે

70. ટૂંકમાં સમજાવો. પ્રાણીઓનો શિકાર કયા કારણોસર થાય છે

71. ભારતમાં કયા કયા પક્ષીઓ લુપ્ત થવાના આરે છે.

72. તમારા કાકા સમાજસેવાનું કામ કરે છે તો તે પ્રવૃત્તિ આર્થિક કે બિન આર્થિક પ્રવૃત્તિ કહેવાય સમજાવો

73. આર્થિક પ્રવૃત્તિ એટલે શું ?

74. વિકાસશીલ અર્થતંત્ર એટલે શું સમજાવો

75. ઋગ્વેદ નો પરિચય આપો

76. ફારસી ભાષામાં લખાયેલા ગ્રંથો અને ગ્રંથકારની માહિતી આપો

77. આરણ્યકો એટલે શું સમજાવો

78. તમિલ સાહિત્ય વિશે જણાવો

79. મિશ્ર ખેતીની સાથે થતી પ્રવૃત્તિઓ જણાવો

80. અકબરે સંસ્કૃત ભાષાના કયા કયા ગ્રંથોનો ફારસીમાં અનુવાદ કરાવ્યો હતો

81. નીચેનું ચિત્ર જોઈ આપેલ પ્રશ્નના જવાબો આપો.

1. આ ચિત્ર કયા પ્રાચીન નગરનું છે.
2. આ નગર કઈ સંસ્કૃતિનું ઉત્તમ ઉદાહરણ છે.



વિભાગ – C

[S1042] પ્રાચીન ચીજવસ્તુઓ, ઋતુગત પાકો અને વન સંસાધન વિશે જાણશે.

નીચેનાંપ્રશ્નોના આશરે 60 થી 80 શબ્દોમાં મુદ્દાસર જવાબ લખો. (દરેકના ત્રણ ગુણ)

1. ગુજરાતનો સાંસ્કૃતિક વારસોએ આપણા દેશની ઓળખ છે. – આ વિધાન સમજાવો.
2. સંગીત મકરંદ, સંગીત રત્નાકર અને સંગીત પારિજાતનો ટૂંકમાં પરિચય આપો.
3. દ્રવિડોને મોહ-જો-દડોની સિંધુ સંસ્કૃતિના સર્જકો અને પાષાણયુગની સંસ્કૃતિના સીધા વારસદાર તરીકે ઓળખવામાં આવે છે. – વિધાન સમજાવો.
4. ટૂંક નોંધ લખો : આદિવાસી નૃત્યો.
5. ગુજરાતના ગરબા અને ગરબી વિશે સમજ આપો.
6. પાટણ પટોળાના કારણે વિશ્વપ્રખ્યાત બન્યું છે. શા માટે?
7. પ્રાચીન ભારતનું નગર-આયોજન તે સમયની વ્યવસ્થાનો નિર્દેશ કરે છે. શા માટે?
8. હડપ્પીય સંસ્કૃતિનું સમકાલીન નગર ધોળાવીરા વિશે લખો.
9. હડપ્પીય સંસ્કૃતિનું લોથલ તે સમયે ભારતનું સમૃદ્ધ બંદર હતું. – સમજાવો.
10. અમદાવાદમાં આવેલા જોવાલાયક (સ્થાપત્યો) સ્થળો કયા-કયા છે?
11. રામાયણ અને મહાભારતનો તફાવત લખો.
12. ગુજરાતી સાહિત્યનો પરિચય કરાવો.
13. નાલંદા વિદ્યાપીઠ એ ખ્યાતિ પ્રાપ્ત અને સુપ્રસિધ્ધ વિદ્યાકેન્દ્ર તરીકે રહી હતી. – સમજાવો.
14. વલભી સાતમા શતકમાં ગુજરાતનું આ વિદ્યાધામ અતિપ્રસિધ્ધ શિક્ષણકેન્દ્ર હતું. – વિધાન સમજાવો.
15. વન સંરક્ષણ અંગેના ઉપાયો જણાવો.
16. વન્યજીવોના વિનાશના કારણો જણાવો.
17. અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાન વિશે તફાવત લખો.
18. આર્થિક પ્રવૃત્તિ અને બિનઆર્થિક પ્રવૃત્તિ વિશે તફાવત લખો.
19. વિકાસશીલ અર્થતંત્રનાં લક્ષણો જણાવો.

20. ઉત્પાદનનાં સાધનો કયા કયા છે?

21. આર્થિક ઉદારીકરણના લાભો અને ગેરલાભો જણાવો.

22. ખાનગીકરણનો અર્થ આપી તેના લાભ અને ગેરલાભ જણાવો.

23. વૈશ્વિકીકરણના લાભ અને ગેરલાભ જણાવો.

24. વિશ્વ વ્યાપાર સંગઠનના ધ્યેયો અને કાર્યો જણાવો.

25. ગ્રામોદયથી ભારત ઉદય. – વિધાન સમજાવો.

26.ગુપ્તયુગ ભારતીય કલા નો સુવર્ણયુગ ગણાય છે સમજાવો.

27.સંસ્કૃતિનો અર્થ આપી વિગતે સમજાવો

28.પ્રાકૃતિક વારસાનો અર્થ સમજાવી ભારતના પ્રાકૃતિક વારસામાં સમાવેશ થતી બાબતો જણાવો.

29 .આર્ય અને દ્રવિડ પ્રજાની વિગતો આપો

30.તફાવત આપો- પ્રાકૃતિક વારસો અને સાંસ્કૃતિક વારસો

31.ભવાઈ વિશે સમજાવો

32.પ્રાચીન ભારતના વારસાની માટીકામ કલા સમજાવો.

33. ટૂંકનોંધ લખો સંગીત કલા

34. ટૂંકનોંધ લખો નૃત્યકલા

35. પ્રાચીન ભારતનું નગર આયોજન સમજાવો.

36.મોહેંજો -દડો ની નગર રચના તેના રસ્તાઓ અને ગટર યોજના વિશે માહિતી આપો

37.ટૂંકનોંધ લખો -અમીર ખુશરો

38.મધ્યકાલીન સાહિત્યની ચર્ચા કરો

39. રસાયણ વિદ્યામાં નાગાર્જુન નું પ્રદાન બનવું

40.સંસાધન એટલે શું સંસાધનોના ઉપાયો વનવો

41.જમીનના પ્રકારો જણાવી કાળી જમીન વિશે માહિતી આપો.

42.જમીન ધોવાણ અટકાવવાના ઉપાયો જણાવો.

43.લુપ્ત થતા વન્ય જીવ વિશે નોંધ લખો.

44.નીવર્નીકરણની અસરો જણાવો

45. આજના સમયમાં જૈવિક ખેતી તરફનું વલણ વધી રહ્યું છે શા માટે સમજાવો

46. ભારતના અર્થતંત્રમાં કૃષિનું યોગદાન વર્ણવો

47. આજે અનાજનું સંરક્ષણ અનિવાર્ય બની ગયું છે શા માટે સમજાવો

48. આવનારી પેઢી માટે જળ સંકટ વિકટ સમસ્યા બનશે સમજાવો

49. બહુહેતુક યોજના એટલે શું તેનું મહત્વ જણાવો.

50. તફાવત આપો- બજાર પધ્ધતિ અને સમાજવાદી પધ્ધતિ

51. ટકાઉ વિકાસ એટલે શું સમજાવો

52. પર્યાવરણની સુરક્ષા માટેના પગલાંઓ જણાવો.

53. ગરીબી એટલે શું ગરીબી રેખા હેઠળ જીવતા લોકોના લક્ષણો જણાવો

54. મનરેગા કાર્યક્રમની સ્પષ્ટતા કરો

55. વિશ્વ શ્રમ બજારની અગત્યતા સમજાવો

56. ગરીબી ઘટાડવાના ઉપાયો ની સમજુતી આપો

57.નીચેનું ચિત્ર ઓળખી તેના વિશે ટૂંકનોધ લખો.



58.નીચેનું ચિત્ર ઓળખી પ્રશ્નોના જવાબ આપો.

1. આ કયા મંદિરનું ચિત્ર છે.
2. આ મંદિર ક્યાં આવેલું છે.
3. આ મંદિરના કેટલા ‘ગોપુરમ’ છે.



વિભાગ – D

[S1008] વિવિધ પાકોને ઓળખી તેમજ અર્થતંત્ર વિશે જાણે.

નીચેનાં પ્રશ્નોનાં જવાબ આશરે 120 થી 150 શબ્દોમાં લખો. (દરેકના ચાર ગુણ)

1. ચિત્રકલાનું સ્થાન વિવિધ કલાઓમાં અગ્રીમ સ્થાને છે. – વિધાન સમજાવો.
2. પ્રાચીન ભારતીય સાહિત્યનું ટૂંકમાં વિવેચન કરો.
3. તક્ષશિલા વિશે ટૂંક નોંધ લખો.
4. કૃષિના વિવિધ પ્રકારો વિશે નોંધ લખો.
5. ભારતમાં ઋતુઓના સંદર્ભમાં કૃષિના પાકને કયા ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે? તેનું વિવેચન કરો.
6. નીચે દર્શાવેલી આકૃતિને જોઈ તેના વિશે સવિસ્તારે લખો.



7. નીચે દર્શાવેલી આકૃતિને જોઈ તેના વિશે સવિસ્તારે લખો.



8. નીચે દર્શાવેલી આકૃતિને જોઈ તેના વિશે સવિસ્તારે લખો.





9. કૃષિમાં ટેક્નિકલ સુધારાઓ જણાવો.

10. કૃષિમાં સંસ્થાકીય સુધારા જણાવો.

11. ટૂંક નોંધ લખો : હરિયાળી ક્રાંતિ.

12. ભારતની ખેતી ઉપર વૈશ્વિકીકરણની અસરો જણાવો.

13. ગરીબી એટલે શું? ગરીબી રેખાથી નીચે જીવતા લોકોના સામાન્ય લક્ષણો જણાવો.

14. ગરીબી ઉદ્‌ભવવાના કારણો જણાવો.

15. બેરોજગારીનો અર્થ સમજાવી તેના મુખ્ય સ્વરૂપો જણાવો.

16. બેરોજગારી ઘટાડવાના ઉપાયો જણાવો.

17. ટૂંક નોંધ : વિશ્વ શ્રમ બજાર.

18. શ્રમશક્તિના આયોજન ક્ષેત્રે રોજગારીના નવા માર્ગો ખુલ્યા છે. – વિધાન સમજાવો.

19. મોહેંજો દડો ના જાહેર સ્નાનાગાર અને જાહેર મકાનો વિશે માહિતી આપો.

20. બેરોજગારી ઘટાડવાના ઉપાયો જણાવો.

21. ખનીજ સંરક્ષણના ઉપાયો જણાવો.

22. સાંપ્રદાયિકતાને દૂર કરવાના ઉપાયોની વિસ્તૃત ચર્ચા કરો.

23. લઘુમતીઓ નબળા વર્ગો અને પછાત વર્ગોમાં હિતોના રક્ષણ માટે બંધારણમાં કરવામાં આવેલ જોગવાઈ યોજનાઓ.

24. આંતકવાદ શું છે તેની અસરો જણાવો

25. આંતકવાદ રાષ્ટ્ર વિકાસમાં મોટો અવરોધ છે આ વિધાન સમજાવો .

26. વૈશ્વિકીકરણ એટલે શું ભારતીય અર્થતંત્ર પર તેની થયેલી અસરો જણાવો.

27. નીચેનું ચિત્ર ઓળખી તેના વિશે ટૂંકનોંધ લખો.



28. પ્રાચીન ભારતે ગણિતશાસ્ત્રમાં કેવી પ્રગતિ સાથે તે સવિસ્તાર લખો.

29. જંગલ વિનાશના કારણો જણાવો.

30. ટૂંક નોંધ લખો - મિશ્ર અર્થતંત્ર .

31.સમાજવાદી પધ્ધતિ વિશે સવિસ્તાર નોંધ લખો.

32. કૃષિ ક્ષેત્રે આવેલ ટેકનિકલ અને સંસ્થાગત સુધારા જણાવો.

33. સજીવ ખેતી એટલે શું તેના ફાયદાઓ વિસ્તૃત સમજાવો.

34. હરિયાળી ક્રાંતિ એટલે શું? તેનું મહત્વ સમજાવો .

35. ભારતની નાટ્યકલા વિશે ટૂંકનોંધ લખો.

36. ભારતની નૃત્ય કલા વિશે ટૂંકનોંધ લખો.

37. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો :

1. રણ પ્રકારની જમીન.
2. રાષ્ટ્રીય ઉદ્યાન –કાઝીરંગા.
3. શેરડી પકવતો એક પ્રદેશ.
4. લોખંડ-પોલાદનું એક કેન્દ્ર.
5. કાળી જમીન .
6. પેરિયાર અભયારણ.
7. મગફળી પકવતું એક રાજ્ય.
8. જહાજ બાંધકામ ઉદ્યોગનું એક કેન્દ્ર .
9. કાંપની જમીન.
10. કોફી પકવતો પ્રદેશ.
11. કપાસ પકવતો એક પ્રદેશ
12. ઘઉં પકવતો પ્રદેશ.
13. પર્વતીય જમીન .
14. કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન.
15. ઉની કાપડ ઉદ્યોગનું એક કેન્દ્ર.
16. ચા પકવતો એક પ્રદેશ.
17. દચિગામ રાષ્ટ્રીય ઉદ્યાન.
18. રાષ્ટ્રીય ઉદ્યાન ગીર .



Gujarat Secondary and Higher Secondary Education Board, Gandhinagar

Standard – 10

Social Science – 10 (E)
First Semester Question Bank – 2026
Chapters Included (Up to October 2026)
1, 2, 3, 4, 5 – History
8, 9, 10, 11, 12 – Geography
15, 16, 17 – Economics

Note

- This question bank has been prepared up to the First Test.
- The syllabus covered in this question bank is the syllabus prescribed up to the First Test.
- The required questions must be selected according to the marks prescribed for each Learning Outcome.

SECTION – A

[S1041] Will learn about various arts and appreciate the cultural diversity of India.

❖ Answer the following questions as directed.

Match the Following

Column-A	Column-B
1. Cultural Heritage	(A) Preservation of Heritage
2. Fairs of Gujarat	(B) Tradition and Culture
3. Conservation of Heritage	(C) Folk Life
4. Heritage of India	(D) Historical and Cultural Property

Match the Following

Column-A	Column-B
1. Pottery	(A) Embroidery on Cloth
2. Weaving	(B) Making Objects from Clay
3. Embroidery and Stitching	(C) Coloured Work on Metal
4. Meenakari	(D) Making Cloth from Threads

Match the Following

Column-A	Column-B
1. Sculpture	(A) Design of Buildings
2. Architecture	(B) Art of Giving Shape to Stone, etc.
3. Temple	(C) Religious Architecture
4. Monument	(D) Structure of Historical Importance

Match the Following

Column-A	Column-B
1. Vedas	(A) Ancient Indian Literature
2. Ramayana	(B) Epic
3. Mahabharata	(C) Epic
4. Upanishads	(D) Knowledge and Philosophy

Match the Following

Column-A	Column-B
1. Mathematics	(A) Knowledge of Metals
2. Astronomy	(B) Numbers and Calculation
3. Metallurgy	(C) Study of Celestial Bodies
4. Ayurveda	(D) Ancient Medical System

Match the Following

Column-A	Column-B
1. Land	(A) Natural Resource
2. Soil Erosion	(B) Erosion of the Upper Layer of Soil
3. Water Erosion	(C) Erosion of Soil by Water
4. Wind Erosion	(D) Erosion of Soil by Wind

Match the Following

Column-A	Column-B
1. Deforestation	(A) Reduction of Forests
2. Forest Conservation	(B) Protection of Forests
3. Wildlife	(C) Animals Living in Forests
4. Sanctuary	(D) Protected Place for Wildlife

Match the Following

Column-A	Column-B
1. Kharif Crop	(A) Crop of the Monsoon Season
2. Rabi Crop	(B) Crop of the Winter Season
3. Cash Crop	(C) Crop Grown for Sale in the Market
4. Green Revolution	(D) Increase in Agricultural Production

Match the Following

Column-A	Column-B
1. River	(A) Water Resource
2. Irrigation	(B) Supplying Water for Agriculture
3. Water Scarcity	(C) Shortage of Water
4. Rainwater Harvesting	(D) Collection of Rainwater

Match the Following

Column-A	Column-B
1. Coal	(A) Conventional Energy Source
2. Solar Energy	(B) Non-Conventional Energy Source
3. Wind Energy	(C) Energy Obtained from Wind
4. Mineral Conservation	(D) Judicious Use of Minerals

Match the Following

Column-A	Column-B
1. Economic Development	(A) Improvement in Standard of Living
2. Economic Activity	(B) Activity for Earning Income
3. Human Development	(C) Improvement in Education and Health
4. Annual Income	(D) Income Received During One Year

Match the Following

Column-A	Column-B
1. Liberalization	(A) Reduction in Economic Controls
2. Globalization	(B) Integration of Economies of Different Countries
3. Privatization	(C) Increase in the Role of the Private Sector
4. Global Market	(D) Trade at the International Level

Match the Following

Column-A	Column-B
1. Poverty	(A) A Condition in Which Basic Needs Cannot Be Met
2. Measurement of Poverty	(B) Process of Finding the Extent of Poverty
3. Unemployment	(C) Not Getting Work Despite Being Able to Work
4. Types of Unemployment	(D) Different Forms of Unemployment

Choose the correct option from the brackets and fill in the blanks.

1. India’s cultural heritage reflects its _____.
   (A) Diversity (B) Unemployment (C) Population
2. Cultural property passed down from generation to generation is called _____.
   (A) Heritage (B) Production (C) Trade
3. Historical monuments are a part of our _____ heritage.
   (A) Cultural (B) Industrial (C) Economic
4. Folk dances and folk music are a part of _____ heritage.
   (A) Cultural (B) Natural (C) Economic
5. Preserving heritage is our _____.
   (A) Responsibility (B) Difficulty (C) Necessity
6. The art of making objects by hand is called _____.
   (A) Handicraft (B) Machine Craft (C) Industrial Art
7. The art of making various objects from clay is called _____.
   (A) Pottery (B) Weaving (C) Painting
8. The art of making cloth is related to _____.
   (A) Weaving (B) Sculpture (C) Architecture
9. Decorative work done with thread on cloth is called _____.
   (A) Embroidery (B) Pottery (C) Metalwork
10. Meenakari is a traditional _____ art of India.
    (A) Handicraft (B) Agricultural (C) Architectural
11. An artwork made by shaping stone or metal is called _____.
    (A) Sculpture (B) Weaving (C) Embroidery
12. The art related to the design and construction of buildings is called _____.
    (A) Architecture (B) Painting (C) Pottery
13. Temples are examples of ancient Indian _____ heritage.
    (A) Architectural (B) Agricultural (C) Industrial
14. Ancient monuments provide us with information about our _____.
    (A) History (B) Climate (C) Trade
15. Sculpture and architecture are parts of India’s _____ heritage.
    (A) Cultural (B) Economic (C) Natural
16. _____ is an important part of ancient Indian literature.
    (A) Vedas (B) Newspaper (C) Periodical
17. The Ramayana is an ancient Indian _____.
    (A) Epic (B) Newspaper (C) Novel
18. The Mahabharata is a famous Indian _____.
    (A) Epic (B) Periodical (C) Drama
19. Ideas related to _____ are found in the Upanishads.
    (A) Philosophy (B) Trade (C) Agriculture
20. India’s literary heritage reflects its _____ tradition.
    (A) Knowledge (B) Transport (C) Industry
21. Ancient India made significant progress in the field of _____.
    (A) Mathematics (B) Computers (C) Motor Cars
22. The study of celestial bodies is called _____.
    (A) Astronomy (B) Geography (C) Sociology

